# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

GUJARAT STATE

L. D. College of Engineering Campus, Navrangpura, Ahmedabad - 380 015.

No. : ACPC/ADM-11/464
Date : 15-6-2011

પ્રતિ,
આચાર્યશ્રી / ડીનશ્રી,

**વિષય : પ્રવેશ વર્ષ ૨૦૧૧-'૧૨ માટે ડીપ્લોમા ટુ ડીગ્રી (એન્જિનીયરીંગ)ના ત્રીજા સેમેસ્ટરમાં સીધા પ્રવેશ અંગે.**
**સંદર્ભ : અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક :** ACPC/ADM-11/395 **તા. ૩૧-૫-૨૦૧૧**

મહાશયશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે સવિનય જણાવવાનું કે, પ્રવેશ વર્ષ ૨૦૧૧-'૧૨ માં આપની સંસ્થા ખાતે ડીપ્લોમા ટુ ડીગ્રી (એન્જિનીયરીંગ)ના ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ અંગે આપની સંસ્થાની વર્ષ ૨૦૧૦-૧૧ની કુલ મંજુર થયેલ બેઠકોની ૨૦% બેઠકો ACPC દ્વારા ભરવાની થાય છે. તેવી બેઠકો માટે ACPC દ્વારા સંદર્ભિત પત્રથી માહિતી માંગવામાં આવેલ. પરંતુ ઘણી સંસ્થાઓની રજૂઆત અન્વયે સદર માહિતી **તા. ૨૦-૬-૨૦૧૧ સુધીમાં ફેક્સ નં. ૦૭૯-૨૬૩૦૪૧૧૮** તેમજ સ્પીડ પોસ્ટથી પહોંચાડવા જણાવવામાં આવે છે.

| વિદ્યાશાખા | પ્રવેશ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે જ | | | | |
|---|---|---|---|---|---|
| | મંજૂર થયેલ બેઠકો (૧) | ભરાયેલ બેઠકો (૨) | વણભરાયેલ બેઠકો (૩) = (૧)-(૨) | વર્ષાન્તે અભ્યાસ છોડી ગયેલ વિદ્યાર્થીઓ (૪) | ૨૦% માન્ય બેઠકો ઉપરાંત ભરવાપાત્ર બેઠકો (૫) = (૩) + (૪) |
| | | | | | |
| | | | | | |

**નોંધ :** વર્ષાન્તે અભ્યાસ છોડી ગયેલ તેમજ ડ્રોપ-આઉટ વિદ્યાર્થીઓનું યુનિવર્સિટીમાં એનરોલમેન્ટ રદ કરાવ્યા અંગે યુનિવર્સિટી દ્વારા અપાયેલા પત્રની નકલ સામેલ કરવી આવશ્યક છે અન્યથા આવી બેઠકો ACPC દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. વધુમાં પ્રવેશ વર્ષ ૨૦૧૦-૧૧માં પ્રવેશ મેળવેલા અને વર્ષાન્તે અભ્યાસ છોડી ગયેલા વિદ્યાર્થીઓ પૈકી જો કોઈ વિદ્યાર્થીએ ફી માફી યોજના હેઠળ પ્રવેશ મેળવી અને રદ કરાવેલ હોય તેનું નામ, એનરોલમેન્ટ નંબર, એડમીટેડ બ્રાન્ચ વિ. જેવી માહિતી અલગથી સ્પષ્ટપણે દર્શાવવાની રહેશે.

અગાઉ જે સંસ્થાઓએ પ્રવેશ રદની માહિતી ઉપરોક્ત દર્શાવેલ પત્રક અનુસાર પ્રવેશ સમિતિને મોકલી આપેલ હોય તેવી સંસ્થાઓએ પણ પ્રવેશ રદ કરાવેલ વિદ્યાર્થીઓ પૈકી જો કોઈ વિદ્યાર્થીઓએ 'ફી માફી યોજના' હેઠળ પ્રવેશ મેળવી અને રદ કરેલ હોય તો તેની માહિતી ઉપરના ફકરામાં દર્શાવ્યા પ્રમાણે અલગથી અચૂકપણે તા. ૨૦-૬-૨૦૧૧ સુધીમાં અત્રેની સમિતિ ખાતે મોકલવાની રહેશે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**મેમ્બર સેક્રેટરી**

f:\adm11\D2D\year2011.pmd